# માનનીય રમેશભાઈ ટીલાળા સાહેબની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં વર્ષ 2024-25ના અનુદાનો માટેની માંગણી નંબર 27 પર ચર્ચામાં ભાગ લેવાની મને તક મળી છે ત્યારે, પર્યાવરણ વિષય પર મારે આ ગૃહ સામે મારા કેટલાક વિચારો મૂકવા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પર્યાવરણ એટલે આપણી આજુબાજુનું વાતવરણ કે આપણી આજુબાજુનું પરિસર. જેમાં જળ, જમીન, વનસ્પતિ અને સર્વ જીવોનો સમાવેશ થાય છે. હજારો વર્ષની કુદરતી પ્રક્રિયાને અંતે આ જગત સર્વ જીવો માટે આશ્રયસ્થાનને લાયક બન્યું છે. જળ, જમીન અને નભમાં રહેતી સજીવસૃષ્ટિ માટે જીવનનો નિર્વાહ કરવા અને જીવન જીવવા માટે પર્યાવરણ ખૂબ જ અગત્યનું માધ્યમ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જગતમાં બનતી તમામ પ્રાકૃતિક ઘટનાઓ માટે પર્યાવરણ જ અગત્યની ભૂમિકા ભજવે છે. પર્યાવરણમાં વિક્ષેપ ઊભો થાય તો સજીવોના જીવનચક્ર ઉપર માઠી અસર થાય અને સજીવો સામે ખતરો ઊભો થાય.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજકાલ વિકાસની દોડમાં પર્યાવરણની જાળવણી કરવાની વાત ન ભૂલાય એ આપણે સૌએ ધ્યાનમાં રાખવું ખૂબ જ જરૂરી છે. વધતી વસતિ, વધતા ઉદ્યોગો અને કુદરતી સંસાધનોનો વધું પડતો ઉપયોગ થવાના લીધે જળ, જમીન અને હવાનું પ્રદૂષણ સતત વધી રહ્યું છે.

**માનનીય ધ્યક્ષશ્રી,**

વધતા પ્રદૂષણને નિયંત્રણમાં રાખવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે. પ્રદૂષણ નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર દ્ધારા વખતોવખત અનેક પગલા લેવાયા છે અને સતત લેવાઈ રહ્યા છે. આજકાલ ગ્રીન એનર્જી અને બિન પરંપરાગત ઊર્જાને પ્રોત્સાહન આપી પર્યાવરણને દૂષિત થતું અટકાવવા ભારત સરકાર પણ કટિબદ્ધ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ક્લાયમેન્ટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબની આગેવાનીમાં ભારત સરકારે જે પગલા લીધાં છે અને વિશ્વને જે નવી રાહ ચીંધી છે, એ માટે હું આ ગૃહના માધ્યમથી આદરણીય નરેન્દ્રભાઈને ગુજરાતની પ્રજા વતી અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર પણ પર્યાવરણ જાળવણી સંદર્ભે ખૂબ જ જાગૃત છે એટલે એ બાબતની નોંધ લઈ હું આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારના પ્રયાસોને બિરદાવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ" ગુજરાતમાં પ્રદૂષણ નિયમન કરતી અગત્યની સરકારી સંસ્થા છે. રાજ્યભરમાં 27 જેટલી પ્રાદેશિક કચેરીઓ ધરાવતી આ સંસ્થાની વડી કચેરી ગાંધીનગર ખાતે કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ગંદા પાણી અને જોખમી કચરાના નિકાલની સુવિધા, બાયો મેડિકલ વેસ્ટના નિકાલની સુવિધા, ઈ–વેસ્ટ રજિસ્ટર્ડ ડીસમેન્ટલર અને રિસાઈકલ ઉદ્યોગો વિકસાવવામાં આપણું ગુજરાત દેશમાં અગ્રેસર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

GPCB દ્વારા NIC ગાંધીનગર અને NIC ઉત્તરાખંડની ટીમ સાથે સંયુકત રીતે જોખમી કચરાનું પરિવહન કરતાં વાહનોની દેખરેખ

માટે વ્હીકલ લોકેશન ટ્રેકિંગ સિસ્ટમ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. જે જૂન 2022થી કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ VLTS પ્રોજેકટમાં પોર્ટલ પર 10000 જેટલા વાહનો રજિસ્ટર્ડ થયેલા છે અને આ પોર્ટલ પર રોજના 1300 થી 1400 ટ્રીપનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. વળી અગાઉથી નક્કી થયેલ રૂટને બદલે વાહન પોતાનો રૂટ બદલે તો તરત જ સિસ્ટમમાંથી એલર્ટ મળે છે. આ VLTS પ્રોજેક્ટને વર્ષ 2023માં ગોલ્ડ કેટેગરીમાં સ્કોચ એવોર્ડ મળેલ છે. જે આપણા માટે ગૌરવની વાત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર પર્યાવરણની સુરક્ષા માટે નવી નીતિઓ બનાવવા તથા ઉદ્યોગ પર ખર્ચ ઘટાડીને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના પ્રયાસોમાં સતત મોખરાનું સ્થાન ભોગવે છે. ઉદ્યોગોના પરિસરની હવાની ગુણવત્તા સુધારવા માટે દેશમાં પ્રથમ "એનિમેશન ટ્રેકિંગ સ્કીમ"ની શરૂઆત પણ ગુજરાત સરકારે જ સુરત ખાતેથી કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હાલ આ યોજનાનું વિસ્તરણ કરીને અમદાવાદ, સાણંદ વિસ્તારના 118 ઉદ્યોગોમાં આ સ્કીમ શરૂ કરવામાં આવી છે. જેનાથી અમદાવાદના ઉદ્યોગોના પરિસરની હવાની ગુણવત્તામાં સુધારો થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ" દ્વારા ઉદ્યોગોના ગંદા પાણી નદી, ખાડી, ચેનલમાં બિન અધિકૃત નિકાલ ન થાય તે માટે સતત મોનીટરિંગ અને ઓટો વોટર સેમ્પલની ગોઠવણી કરીને મોબાઇલ એપ્લિકેશન દ્વારા પર્યાવરણીય કાયદાઓને અનુરૂપ ત્વરિત અને ચોકસાઈપૂર્વક કરવાની યોજના બનાવવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યની પ્રદૂષિત નદીઓના પાણીની ગુણવત્તા સુધારવા અંગે પણ રાજ્ય સરકારે અનેક પગલા લીધા છે. વર્ષ 2018 ના રિપોર્ટ મુજબ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દેશમાં કુલ 351 નદીઓના પ્રદૂષિત પટ્ટ ઓળખી કાઢવામાં આવેલા છે. જેમાં ગુજરાતમાં આવા 20 પ્રદૂષિત પટ્ટનો સમાવેશ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે વર્ષ 2018ની સરખામણીએ 2022માં આવા પ્રદૂષિત નદીઓના પટ્ટની સંખ્યા ઘટીને 13 થઈ છે. જેનો અર્થ એ 4થયો કે રાજ્યની નદીઓના પ્રદૂષિત પટ્ટની સંખ્યમાં ખાસ્સો ઘટાડો કરવામાં આપણે સફળ થયા છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા સતત પર્યાવરણની જાળવણી માટે નિરંતર જે પ્રયત્નો થઈ રહ્યા છે, એને હું બિરદાવું છું અને અનુદાનો પરની માંગણીઓને મારું પૂર્ણ સમર્થન આપું છું.

**જય જય ગરવી ગુજરાત**